# –: " ભૂલ થઈ, મને માફ કરો " :–

ઝિંદગીમાં માઅમૂલી દેખાતી વાતનો મોટો અંજામ બરદાશ્ત કરવો પડે છે તો બાઝ વક્ત ખબર પડે છે કે આ અંજામ-નતીજો ફલાના ગલત અમલના સબબ બરદાશ્ત કરવો પડો અને બાઝ વક્ત એવું બને છે કે, અપને જે તશ્વીશ-પૈચીદગીનો સામનો કરીએ છીએ તે કઈ ખતાના સબબ છે તે માઅલૂમ પડતું નથી. કુરઆને કરીમમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે, "મન અમેલા સાલેહન ફલેનફસેહી વમન અસાહા ફઅલૈહા," જે નૈકી કરે છે તે તેની નફસ વાસ્તે છે અને જે બુરાઈ કરે છે તે તેની નફસને ખિલાફ છે.

પણ જો કોઇ ગલત કામ અપનેથી થાય અને એના પર પસતાવો તથા નદામત કરીને માફી માંગી લઈએ, તો શું આઈંદા-આવનારી મુસીબતો યા તકલીફોથી બચી શકાય ખરૂં ? જવાબ છે, હાઁ; જો અગર દિલથી પસ્તાવો કરીને માફી માંગી હોય. તેથી આજના દીનદાર અને અદબ-તહઝીબ રાખનારા લોગો **"મને માફ કરજો"**, **"ભાઇ ! ભૂલ થઇ ગઇ"**, **"I am sorry"**, **"Very Sorry"**, **"Please forgive me"**, એવા કલામ બોલી દેતા હોય છે. અને હજી નરમ દિલના ઈન્સાનો તેઓનો જમનો હાથ લગાવીને જેની બેઅદબી કીધી હોય તે પોતાના દિલથી લગાવે છે અને ઈઝહારે તલાફી ખતાની કરે છે.

ચંદ બેઅદબ, ઘમંડી, તકબ્બુરથી ચકચૂર લોગોના દિલમાં રહેલો અહમ-ઈગો દરમિયાનમાં આવે છે અને ભૂલ કુબૂલ કરવામાં અને માફી માંગવામાં એહસાસે કમ્તરી કરે છે. તેથી જ તેના સર પર એ ચીઝ બોઝરૂપ બને છે અને આજે યા કાલે કોઇ પણ દૌરમાં, કઈ પણ હાલતમાં આ દેવું અદા કરવું જ પડે છે. આ સિવાય અપને જાણવા છતા માફી માંગતા ભૂલી જવાથી સદમો બરદાશ્ત કરવો પડે છે. જે મુજબ અપને કોઈનાથી માફી માંગીને એની નફસને ખુશી આપી શકીએ છીએ, તલ્ખી દૂર કરી શકીએ છીએ, એ જ તરહ માફી માંગવાથી અપના દિલને પણ કરારીયત મેહસૂસ થાય છે. દિલનો શોઅલો ઠંડો પડે છે અને કોઈનું બેહતર ખયાલ કરવાથી અપનું બેહતર થાય છે, એ એક હકીકત છે. ઘણા લોગો આ બાબતે કોઈ તજરૂબો ન રાખતા તેઓ સજાગ હોતા નથી.

એક દિલચસ્પ વાકેઓ રકમ થયેલો છે, " એક શખ્સ ખૂબ બીમાર પડો. ૧૦૫ ડીગ્રી થી તાવ નીચે ઉતરે નહીં. હોસ્પીટલમાં દાખિલ થયો તો તબીબો-નર્સો એ તેઓનું ફન કામે લગાડું પણ તાવ ઉતરો નહીં. નકાહત અને કમ્ઝોરી વધતી ગઈ. ડૉક્ટરો ફિકરઅંગેઝ થયા કે, જો તાવ નહીં ઉતરે તો આ શખ્સનું મૌત કરીબ છે યા તો દિમાગને નુકસાન થાશે જેની ઈસ્લાહ કરવી મુશ્કિલ બનશે.

તે મરીઝ શિફાખાનાના બિસ્તર પર અલ્લાહતઆલાને દોઆ કરતો રહે છે કે, **"યા રબ્બલ આલમીન, યા શાફી, યા કાફી, યા મોઆફી, તું મને આ બીમારીમાંથી સેહત બખશ. "** વક્તન ફ વક્તન આ દોઆના કલેમાત બોલા કરે. રાત થઈ તો હોસ્પીટલના ખાદિમો રૂખ્સત થઇ ગયા. તે મરીઝ દીવાર તરફ સર કરીને સુતો હતો. વક્ત ગુઝરતો ગયો, એને ઊંઘનો એક ઝોકો આવો, એને એક કરવટ લીધી અને જોયું કે મુકાબિલની દિવાર નઝદીક એક બીજો મરીઝ સુતેલો છે. રાત હોવાના સબબ રૂમમાં રોશની ઘણી કમ હતી. એને જોયું કે, બીજા મરીઝનો ચેહરો બેસી ગયો છે અને એની આંખોમાં મૌતનો ડર નઝર આવતો હતો. બીમારીના સબબ એનો ચેહરો ફીકો પડી ગયો હતો અને એ ઘણું જ દુઃખ બરદાશ્ત કરતો હતો. તે મરીઝને થયું કે, તે શખ્સની હાલત નાઝુક છે અને હવે વફાત થાશે તેથી તેએ દોઆ કીધી કે, **" અય માઅબૂદે હક્ક, મને તંદુરસ્તી નહીં બખ્શો તો ચાલશે પણ તે શખ્સના સદમાને દૂર કર અને સેહતે કામેલા અતા કર. "**

આ દોઆ સિદક દિલથી હતી. તે મરીઝે દોઆની રવાનીમાં કયા અલ્ફાઝ કહ્યા એ તો એને ખબર જ ન હોતી. પણ આ બાદ એના દિલને એટલો કરાર મીલો કે, તે ફૌરન સુઈ ગયો. ફજર પડી, રોશની નમૂદાર થઈ, તબીબો-નર્સોએ ખિદમત શુરૂ કીધી અને આ મરીઝને નઝદીક આવા. તમામ તઅજ્જુબ કરવા લાગા કે, એની તબીઅત સુધરી ગઈ છે. રાતની બેરોક-ટોક ઊંઘના સબબ તેના જિસ્મમાં તમક્કુન-રાહત છે. તાવ ઉતરી ગયો છે અને શિતાબીથી તંદુરસ્તી તરફ વલતો જાય છે. તબીબે પુછું, "કેવું લાગે છે ?" મરીઝે કહ્યું, **" અલ્લાહનો ફઝલ છે, શિફા એના તરફથી છે. "** તબીબે કહ્યું, "તમેં જલ્દી સેહતમંદ થાવ અને ઘરવાલા સાથે મીલી જાવ." તે મરીઝે પુછું,"ડૉક્ટર સાહેબ, તે મરીઝ જે મારા સામેની દીવારના બિસ્તર પર સૂતો હતો તેના શું હાલ છે ? તે કેમ દેખાતો નથી ? શું ખુદાની રેહમતમાં પહોંચી ગયો ?" તબીબ વિચારમાં પડી ગયા. તેમને પુછું, "તમેં કયા મરીઝની વાત કરો છો ?" તે બોલો, "જે મારે સામે હતો તે જ !" તબીબએ કહ્યું, "યહાઁ કોઈ બીજો મરીઝ રાતે સુતો જ નહોતો. શાયદ આ સામેની બારીમાં તમે તમારો જ પડછાયો જોયો છે." તે મરીઝે સામે વાલા મરીઝને વાસ્તે જે અલ્લાહથી દોઆ કીધી હતી, તે પોતાને વાસ્તે જ કારગર થઈ તેની એને ખબર ન હતી.

તેથી કારેઈન ઝિંદગીમાં આ મુજબની જ બિના બનતી હોય છે. કોઈનું ભલું કરવાથી પોતાનું જ ભલું થાય છે અને પોતાનું ભલું થાવા વાસ્તે બીજાની ભલાઈનો જઝબો જો અગર દિલમાં હોય છે તો ભલું તો થાય જ છે પણ તેના મિકદારમાં ફરક પડે છે અને ખુદગરઝી શામિલ થઈ જાય છે. અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **" તમેં મખ્લૂકનું ખૈર કરો હું તમારૂં ખૈર કરીશ. "** તેથી "માફ કરો" યા "Sorry" કહેવાથી જેને તકલીફ અને ઈઝા અપને પહોંચાડી હોય તેના ઝખ્મી દિલને મરહમ મીલી જાય છે અને હિસાબ બરાબર થઈ જાય છે. આ તો એક ઈન્સાન થી બીજા ઈન્સાનને થયેલો સદમો અને દિલી રંજિશની વાત છે પણ **જે શખ્સ પોતાની કૌમના રઇસ, સાહબે વલાયત, સાહબે મીસાક યા સાહબે અમરે શરીઅત સાથે ખરાબી અને દિલની કડવાશ વાકેઅ કરે અને માફીનો તલબગાર ન થાય તો એની સઝા કેવી સખ્ત અને ભારી હોઇ શકે !** જો કોઈ મુમિન અલ્લાહની તદબીર, કઝાઓ કદર, મશીઅત અને ઈરાદાને ખિલાફ અમલ કરે યા જે નબીયુલ્લાહ મોહંમદ (સ.અ.વ.વ.) શરીઅત લઈને આવેલા છે તેની તાઅલીમાતને ખિલાફ અગર અમલ દરઆમદ થાય અને બીજા બંદાઓને ઝેહની કે જિસ્માની તકલીફ પહોંચાવે તો એની સઝા, ભુગતાન, અઝાબે વબીલ લામેહદૂદ હોય છે. ઔલિયા (અ.સ.) એ આ વાસ્તે જ ભુલોની માફી અને બખ્શિશે ગુનાહ વાસ્તે દોઆ અને નમાઝ અદા કરવાની રગબત અપાવી છે. અલ્લાહતઆલા હર બંદાના દિલોથી આગાહ છે. ★